ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૭

# ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર મંડળના સભ્યોએ પગાર વધારાની માંગ સાથે મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે રાજયભરમાં ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવા આપતા હજજારો તમામ લાભો આપવામાં આવે તેવી માંગ કરાઈ છે. ત્યારે કોમ્પ્યુટર ઓપરેટર કર્મચારીઓના પ્રશ્ને સરકાર દ્વારા યોગ્ય વિચાર નહીં કરવામાં આવે તો આગામી સમયમાં દિલ્હી ખાતે રેકર્ડ ઉપલબ્ધ કરાવવા સહિતની મુળભુત સેવાઓ સરળતાથી સામાન્ય માનવી સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. આ જગ્યાઓમાં ૪૦ ટકા સંખ્યા બેહનોની છે. વર્ષોથી ઉભી કરવા અને જે તે સ્થળો પર ફરજ બજાવતા કોમ્પયુટર ઓપરેટરને કાયમી ધોરણે નિમણુંક આપવી અને સરકારી કર્મચારીઓને મળતા તમામ લાભો આપવાની માંગ






કર્મચારીઓ આવી પહોચ્યા હતા. આ કર્મચારીઓએ પોતાની વિવિધ માંગ સાથ નું આવેદન પત્ર રાજયના મુખ્યમંત્રીને આપ્યું છે. જેમાં રાજય સરકાર દ્વારા ગ્રામ પંચાયતમાં કોમ્પયુટર ઓપરેટરની જગ્યાઓ ઉભી કરવા તેમજ આ જગ્યાઓ પર ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી નિમણુંક આપીને રાજયના કર્મચારીઓને જે લાભ મળે છે . તે રજુઆત કરવામાં આવશે.

રાજય સરકારની ઈ ગ્રામ યોજના હેઠળ સમગ્ર ગુજરાતમાં ૧૩૭૦૦ થી વધુ કર્મચારીઓ છેલ્લા દસ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. છેવાડાના ગામમાં પણ આ કર્મચારીઓ દ્વારા સરકારની બધી જ સુવિધાઓ પહોંચાડવામાં આવે છે. જેમાં જન્મના દાખલા, જી.ઈ.બી.બીલ સ્વીકારવા, રેવન્યું નિષ્ઠા પૂર્વક ફરજ બજાવી રહેલા કર્મચારીઓને મહતમ પગાર પણ ન મળતા તેમના પરિવારનું ભરણ પોષણ કેવી રીતે આવી કારણી મોંઘવારીમાં કરવું તે પણ એક પ્રશ્ન ઉભો થવા પામ્યો છે. જયારે કેટલાક કર્મચારીઓની વય મર્યાદા પણ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે ગુજરાત રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામ કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યાઓ સાથેનું આવેદન પત્ર રાજયના મુખ્યમંત્રીને ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક(ઓપરેટર) મંડળ દ્વારા આપવામાં આવ્યું છે. આ કર્મચારીઓની માંગ રાજય સરકાર દ્વારા નહીં સ્વીકારવામાં આવે તો કર્મચારીઓ દિલ્હી ખાતે રજુઆત કરશે તેમ મંડળના પ્રમુખ શકરાજી ગાભાજી ઠાકોરે જણાવ્યું હતું.

# જીઈબી નજીક રેલવે ટ્રેક પર ૨૨ વર્ષિય યુવાન કપાઈ ગયો

## ચારેક મહિનાથી જલુંદનો યુવાન એપ્રેન્ટીસશીપ કરવા જીઈબીમાં જોડાયો હતો

ગાંધીનગર, તા. ૧૪

શહેરને અડીને આવેલા જીઈબી થર્મલ સ્ટેશન નજીકથી પસાર થતા રેલવે ટ્રેક પર ગઈ રાત્રે એક યુવાનનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડ્યો હોવાનું સિક્યુરીટી ઓફીસરને ધ્યાને આવ્યું હતું. પોલીસને બોલાવતા પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી યુવાનનો આપઘાત છે કે અકસ્માતે તેનું મૃત્યુ થયુ હતુ તે અંગે તપાસ આરંભી છે.

રાત્રીના અરસામાં થર્મલ પાવર સ્ટેશન જીઈબીના સિક્યુરીટી ઓફિસર જનકસિંહ ચુડાસમા રેલવે ટ્રેક પાસેથી પસાર થતા હતા ત્યારે રેલવે ટ્રેક પર એક અજાણ્યા યુવાનનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદહે પડેલો જોયો હતો. સે. ૨૧ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી મળેલા ઓળખ કાર્ડને આધારે તે યુવાન જલુંદ ગામનો ૨૨ વર્ષિય વાઘેલા પંકજકુમાર ભરતજી હોવાનું ધ્યાને આવ્યુ હતુ. પંકજ વાઘેલા નવેમ્બર માસમાં જ એપ્રેન્ટીસશીપ કરવા જીઈબીમાં જોડાયો હતો. રાત્રે ટ્રેક પર તેનો કપાઈ ગયેલી હાલતમાં મળેલો મૃતદેહ રહસ્યમય હતો. તેણે આપઘાત કર્યો કે અકસ્માતે તેનું મૃત્યુ થયુ તે અંગે પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. સે. ૨૧ પોલીસ મથકના જમાદાર બળદેવજીએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ આરંભી છે.

## સે. ૨૧ હવેલી મંદિર ખાતે પૂ. વ્રજકુમારનું વચનામૃત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૨૧માં હવેલી મંદિર ખાતે તા. ૧૯મી ફેબ્રુઆરી રવિવારના રોજ બપોરે ૧ કલાકે યુવા વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજકુમારના વચનામૃતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ દિવસે દર્શનનો સમય આ મુજબ રહેશે. બ્રહ્મસંબંધ મંગળામાં સવારે ૮ કલાકે, તિલકદર્શન તથા નંદમહોત્સવ સવારે ૧૧.૩૦ કલાકે તથા શયનમાં હોરી હોરા મનોરથ સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. વર્ષા ભૂપેન્દ્ર પારેખ**
શિક્ષક
એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ

**ગાંધીનગર ગમે**

હરિયાળી ધરતી, સાંસ્કૃતિક વાતાવરણ, શૈક્ષણિક સંસ્થાઓ અને અક્ષરધામને કારણે ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

અહીંનાં નગરજનો પ્રેમાળ, સંસ્કૃતિપ્રિય અને મળતાવડા સ્વભાવના તથા ઉત્સવપ્રિય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

કલ્ચરલફોરમ, શિવરંજની, કલાગુર્જરી અને કડી સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ધમધમાટ થાય, શિક્ષણનો વિકાસ થાય અને નગર ભ્રષ્ટાચારથી મુક્ત બને તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

નગરને સ્વચ્છ, સુંદર અને શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિથી ધમધમતું કરવા મારાથી બનતી બધી સહાય કરવા તૈયાર છું.

## પ્રધાનમંત્રી રોજગાર સૃજન તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રધાનમંત્રી રોજગાર સૃજન કાર્યક્રમ હેઠળ ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપવામાં આવી હતી. કુલ ૩૪ જેટલા તાલીમાર્થીઓને બેંક ઓફ બરોડાના ગાંધીનગર રીજીયનના ડેપ્યુટી રીજીયોનલ મેનેજર ડી.જે. મહેરીયાના હસ્તે પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા અને બેંકિંગ સેવાઓ વિષે જાણકારી આપવામાં આવી હતી. સંસ્થાના નિયામક જી.જે. ચૌહાણ દ્વારા તાલીમાર્થીઓની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સેક્ટર-૩/ન્યુમાં કોન્સ્ટેબલની પત્નિએ ગળેફાંસો ખાઈ લીધો

## વેલેન્ટાઇન ડે ની બપોરે બેડરૂમમાં પંખે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈને આપઘાત

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સેક્ટર-૩-ન્યુ ખાતે રહેતા અને ગાંધીનગર એસ.પી. ઓફીસ ખાતે ફરજ બજાવતા કોન્સ્ટેબલની પત્નિએ આજે વેલેન્ટાઈન ડે ની બપોરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પોતાના ઘરે સે. ૩-ન્યુમાં જ બેડરૂમમાં ૩૧ વર્ષિય પરિણીતાએ અંતિમ પગલુ ભર્યુ હતુ. સેક્ટર-૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં સેક્ટર-૩-ન્યુ ખાતે પ્લોટ નં. ૪૯/૧ ખાતે રહેતા ૩૧ વર્ષિય પરિણીતા તૃપ્તીબેન રોનકભાઈ ત્રિવેદીએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. પોતાના બેડરૂમમાં જઈ પંખે દુપટ્ટો બાંધીને તૃપ્તીબેને ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે પોલીસને જાણ થતા સે. ૭ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ મૃતક તૃપ્તીબેનના લગ્ન દસ વર્ષ પહેલા રોનકભાઈ ત્રિવેદી સાથે થયા હતા અને તેમના લગ્નજીવન દરમ્યાન હાલ આઠ વર્ષનો એક દિકરો છે. રોનકભાઈ ત્રિવેદી ગાંધીનગર એસ.પી. ઓફીસ ખાતે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનુ જાણવા મળ્યુ છે. સે. ૭ પોલીસે ગુનો નોંધી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરી છે.

# આજે કોંગ્રેસ દ્વારા જનવેદના સંમેલન યોજાશે

ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ૧૫મીએ બપોરે ૨ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે નોટબંધીના કારણે આમજનતાને પડેલી મુશ્કેલી અને પ્રશ્નોત્તરી કરવા જનવેદના સંમેલન યોજાશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૮ નવેમ્બરના રોજ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ તાત્કાલીક અસરથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેને પગલે આમજનતાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નોટબંધીના પગલે આર્થિક વ્યવહાર અટકી જતા વેપાર ધંધામાં પણ માઠી અસર પડી હતી. સમગ્ર ભારતની જનતાએ ૫૦ દિવસ સુધી નોટબંધીને પગલે પીસાઈ રહી હતી ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ કાર્યક્રમો થકી વિરોધ કરવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૧૫-૨-૧૭ના રોજ સેક્ટર-૧૨ આંબેડકર હોલ ખાતે જનવેદના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આમજનતાને પડેલી મુશ્કેલી અંગે પ્રશ્નોતરી કરવામાં આવશે. આ પ્રસંગે કોંગ્રેસના કોર્પોરેટર, સીનીયર આગેવાનો, હોદ્દેદારો, યુવાકોંગ્રેસ મહિલા એનએસયુઆઈ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક પી. શાહે અનુરોધ કર્યો છે.

# આવતીકાલથી સે. ૨૪ ખાતે યોગ શિબિર યોજાશે

ગાંધીનગરની આર્યસમાજ તથા પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ શિબિરનુંઆયોજન કરવામાં આવ્યુંછે.

આ કાર્યક્રમ તા. ૧૬ થી ૨૦મી ફેબ્રુઆરી દરમ્યાન યોજાશે. જેમાંસવારે ૫.૪૫ થી ૭.૪૫ કલાકે ભાઈઓ તથા બહેનો માટે ફાળવેલ છે. તેમજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ ફક્ત બહેનો માટે આર્યસમાજ મંદિર, શાકમાર્કેટ સામે સે. ૨૪ ખાતે રાખેલ છે. આ યોગ શિબિરમાં નિષ્ણાંત યોગાચાર્ય દ્વારા યોગવિદ્યા આયુર્વેદ, પ્રાકૃતિક ચિકિત્સા અને એક્યુપ્રેસર દ્વારા રોગોનું ચોક્કસ નિદાન કરવામાં આવશે.

નિયમિત યોગથી વિવિધ રોગો જેવા કે ગેસ, એસિડીટી, કબજીયાત, ઘુંટણનાં, કમરનો દુઃખાવો, સર્વાઈકલ, સાઈટિકા, સ્પોન્ડોલાઈટીસ, ડાયાબીટીસ, ગાયનેક પ્રોબ્લેમ, કિડનીસ્ટોન, બ્લડપ્રેસર, થાઈરોઈડ, અનિદ્રા, માઈગ્રેન, વજન ઘટાડવું/ વધારવુ, માનસિકરોગ, પેરાલાઈસીસ અને અસાધ્યરોગોને ઋષિમુનિઓના જ્ઞાન દ્વારા ૧૦૦ ટકા મટાડી શકાય છે તેની માહિતી પુરી પાડવામાં આવશે. શિબિરમાં જોડાવા ઈચ્છુક ભાઈઓ તથા બહેનો સાથે બાળકોએ વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન માટે સે. ૨૪માં આર્યસમાજ મંદિર રસિકભાઈનો સંપર્ક સાધવા જણાવાયું છે.

# વેલેન્ટાઈન ડે એટલે... કુંવારાઓની અખાત્રીજ..!!!

## વેલેન્ટાઈન ડે પર સોશ્યલ મિડીયા પર અવનવા ચબરાકિયાંએ નેટીઝન્સને મોજ પમાડી

ગાંધીનગર, તા. ૧૪

આજે શહેરમાં વેલેન્ટાઈન ડે ની યુવાનોએ મસ્તીભરી ઉજવણી કરી હતી. શહેરના બગીચાઓમાં, સિનેમાગૃહો તથા રેસ્ટોરેન્ટ અને પિઝ્ઝા, ચોકલેટ્સ, કૉફી પાર્લરો, કેક શોપ, ગીફ્ટ શોપ્સ વગેરે પર યુવાનોની ભીડ જોવા મળી હતી. વળી આ સાથે શહેરમાં સોશ્યલ મિડીયા પર પણ વેલેન્ટાઈન ડે ની તડાફડી જોવા મળી હતી. અવનવા મેસેજીસ, ટૂંચકાં તથા ચબરાકિયાં પાસ કરી નેટીઝન્સે વેલેન્ટાઈનના દિવસે સ્માર્ટ ફોન્સને સતત રણકતા રાખ્યાં હતા. આ મેસેજીસમાં કેટલાક મસ્તીભર્યા તો કેટલાક રોમાન્ટિક તો વળી કેટલાક ઉપદેશાત્મક પણ હતા જેનો નોટીજન્સે ભરપૂર આનંદ માણ્યો હતો.

● જામી ગયેલા સંબંધો પર
બાઝી ગયેલ સમયની ધૂળને,
હળવેકથી ફૂંક મારી સમયસર
ઉડાડવી તેનું નામ...
વેલ ઈન ટોઈન ડે..!!

● વાયદા તો સાત ફેરાનાં પણ
અધૂરા રહે છે...
ને દુનિયાને આજના દિવસભર
ભરોસો છે...!!!




● કોઈએ પણ વેલેન્ટાઈન ડે ના મેસેજ મોકલી ત્રાસ દેવો નહી

પહેલેથી જ લગ્ન થઈ ગયા હોવાથી એ




જખમ પર મીઠું ભભરાવવા બરાબર થશે.

● લડકિયો સે ક્યા દોસ્તી કરના,
જો પલભરમે છોડ જાતી હે,
દોસ્તી કરતી હે તો લડકો સે કરો
જો મરને કે બાદ ભી કંધો પે લે જાતે હે.

● જ્યારે કારણ વગર આનંદની અનુભૂતિ થાય ત્યારે સમજી લેવુ કે જગતમાં કોઈને કોઈ તમારા માટે પ્રાર્થના કરી રહ્યું છે.

● જેની પાસે ગર્લફ્રેન્ડ છે તેમને હેપ્પી વેલેન્ટાઈન ડે, બાકી બધાને હનુમાન જયંતિની શુભેચ્છાઓ

● ચકાસ્યા કરશો તો કોઈ પોતાનું નહી જડે,
ચાહતા રહેશો તો કોઈ પારકું નહી જડે.

● આજે નોકરી પર એક દોસ્તે મને પુછ્યું,
"આ વેલેન્ટાઈન ડે એટલે શું ?" મેં કહ્યું..
"કુંવારાઓની અખાત્રીજ"

● માત્ર વેલેન્ટાઈન નહી પરંતુ
વેલ-ઈન-ટાઈમ સમજો તો
જીંદગી જીવવાની મજા આવશે.

● પરણેતાઓએ બહુ ફાંફા મારવા નહી,
ક્યાંક વેલેન્ટાઈન ડે એ "વેલણ-ટાઈમ ડે" માં ના ફેરવાઈ જાય..!!!

● સવારના પ્હોરમાં ડરથી થરથરતાં ગુલાબે ભમરાને ધીરેથી કહ્યું "પ્રિય, અલવિદા...
પ્રેમના નામે આજે મારો વધ થશે."

## @ગાંધીનગર

● શહેરના સેક્ટર-૩-ડી સાંઈબાબા મંદિર પાસે આવેલ રામજી મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● વેલેન્ટાઈન ડે પર એક પ્રેમી તેની પ્રેમિકાને લઈને સે. ૧૧ સ્થિત સિનેમાગૃહ ખાતે ફિલ્મ જોવા ગયો હતો. ફિલ્મ જોઈ પરત ફરતા ત્યાં પ્રમિકાનો પૂર્વ પ્રેમી અચાનક આવી ચઢ્યો હતો અને તેણે હાલના પ્રેમી પર હૂમલો કરી તેને મેથીપાક ચખાડ્યો હતો.

● વેલેન્ટાઈન ડે તથા સંકટ ચોથના સુગમ સમન્વયને કારણે શહેરના ઓટોમોબાઈલ માર્કેટમાં તેજી જોવા મળી હતી. આ દિવસે ખાસ કરીને ટુ-વ્હીલર્સનું વેચાણ સારી સંખ્યામાં થવા પામ્યું હતું.

● વેલેન્ટાઈન ડેના પગલે દિવસભર શહેરની ફાસ્ટફૂટ રેસ્ટોરન્ટ્સ, પીઝ્ઝા શોપ્સ તથા બેકરી શોપ્સ પર યુવા કપલ્સ તથા યુવા મિત્રોની ગૃપ પાર્ટીઓનો દૌર ચાલ્યો હતો. વેલેન્ટાઈન ડે નું મહત્વ જાણીતી શહેરની રેસ્ટોરન્ટ તથા અનેક શોપ્સમાં એ મુજબ ડેકોરેટ કરી ડીજે મ્યુઝિક વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

● વેલેન્ટાઈન ડેની સાંજે પણ સ્વર્ણિમ પાર્ક સહિત શહેરમાં અનેક સ્થળે ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. સાંજના સમયે પરિણિત યુગલો તથા પરિવારોએ વેલેન્ટાઈન ઈવનીંગને માણવા ધસારો કર્યો હતો.

● વૅલેન્ટાઈન ડેની ઉજવણી માત્ર યુવા વર્ગે જ કરી હતી એવું નહોતું. ટીન-એજર્સ ગૃપે પણ એનો ભરપૂર લાભ ઊઠાવ્યો હતો. અલબત્ત, ઉજવણી માટે બહાર જવા ન મળે તેમ હોવાથી શાળા છૂટવાના સમયે જ મળી લેવાનો ને ચૉકલેટની આપ-લે કરી લેવાનો ક્રમ ટીન-એજર્સ દ્વારા ગોઠવાયો હતો.

## ચિરવિદાય

● સ્વ. પરેશભાઈ દશરથલાલ પટેલ, ઉ.વ.૪૪
● સ્વ. વિક્રમજી સુરસંગજી મકવાણા, ઉ.વ.૪૦
● સ્વ. શારદાબેન અશોકભાઈ ખરાડી, ઉ.વ.૪૫
● સ્વ. કનુભાઈ રૂઘનાથભાઈ બારોટ, ઉ.વ.૭૨
● સ્વ. ભીખાભાઈ મનુભાઈ પટેલ, ઉ.વ.૫૭

# જિલ્લામાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ સેમિનાર્સ યોજાયા

## સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કુડાસણ, દહેગામ, રૂપાલ, કલોલ તથા નિકોલ ખાતે સેમિનાર્સનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા જિલ્લામાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી પરીક્ષાનો હાઉ દૂર કરવા મોટિવેશનલ ઓડિયો-વિઝ્યુઅલ સેમિનાર્સ યોજવામાં આવ્યા હતા. જિલ્લાની વિવિધ શાળાઓમાં આયોજિત કરાયેલા આ સેમિનાર્સનો અઢી હજારથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.



"પરીક્ષા : ભાગો નહીં, જાગો...' વિષયે યોજાયેલ આ સેમિનાર્સમાં સુરતના યુવા મોટિવેશનલ ટ્રેનર ડૉ. પરેશભાઈ સવાણી તથા પિયુષભાઈ જોષીએ બાળકોને પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે તથા પરીક્ષાનો ડર દૂર થાય જેથી તેઓ બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી ઉત્તમ દેખાવ કરી શકે તેવા ઉમદા હેતુથી દહેગામ, રૂપાલ, કલોલ, કુડાસણ તથા નિકોલ ખાતે પણ સેમિનાર્સ આયોજિત કરવામાં આવ્યાં હતા. દહેગામ ખાતે તા. ૯મી ફેબ્રુઆરીએ દહેગામ કોલેજના ગીતાબેન પટેલ હોલ ખાતે, રૂપાલ ખાતે તા. ૧૦મી ફેબ્રુઆરીએ વરદાયીની હાઈસ્કૂલ હોલ ખાતે, તા. ૧૧મી ફેબ્રુઆરીએ સ્વામિનારાયણ ધામ કેમ્પસ કુડાસણ ખાતે તથા નિકોલમાં વિરાટનગર ખાતેના શહીદવીર મંગળ પાંડે હોલમાં તેમજ તા. ૧૨મી ફેબ્રુઆરીએ કલોલમાં વખારીયા ચાર રસ્તા પાસેના વિશ્વકર્મા હોલ ખાતે યોજવામાં આવ્યાં હતા. આ સેમિનાર્સમાં આશરે ૨૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ તથા ૨૦૦થી વધુ વાલીઓએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને વખાણ્યો હતો. આ સેમિનાર્સનું સમગ્ર આયોજન સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજિત કરાયું હતું.

